| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 245 | Exempt Green industries with a history of satisfactory compliance from environmental compliance inspection, or allow self-certification (in lieu of conducting physical inspections) | Yes | |
| URL: http://gpcb.gov.in/Portal/News/120_1_343761.pdf | | | |






ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ એ
ગાંધીનગર

પરિપત્ર

**વિષય:** ગ્રીન પ્રકારના ઉદ્યોગોના સંતોષકારક પૂર્તતાને આધારે તથા સ્વ-પ્રમાણિત સોગંદનામુ સ્વીકારી તે ઉદ્યોગને વાર્ષિક રૂટીન ઈન્સ્પેકશનમાંથી મુક્તિ આપવા બાબતે

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઉદ્યોગોમા ઉદભવતા પ્રદુષણને ધ્યાનમાં લઈ ઉદ્યોગોનુ રેડ, ઓરેંજ અને ગ્રીન કેટેગરીમા વર્ગીકરણ કરવામા આવેલ છે.

ઉપરોક્ત વર્ગીકરણ મુજબ ગ્રીન કેટેગરીના ઉદ્યોગોનું ઈન્સપેક્શન ત્રણ વર્ષે એક વખત કરવાનુ હોય છે. આ પ્રકારના ઉદ્યોગોમા પ્રદુષણની માત્રા ધ્યાનમા લેતાં આ પ્રકારની ફ્રીક્વન્સી નક્કી કરવામા આવેલ છે.

પર્યાવરણની બાબતોમાં બાંધછોડ કર્યા વગર ઔદ્યોગિક એકમોને સાનુકુળતા આપવા તેમજ લોકાભિમુખ વહીવટના પગલા રૂપે જો આવા ગ્રીન પ્રકારના ઉદ્યોગો કે જેમા પ્રદુષણની માત્રા નહીવત હોય છે તેવા ઉદ્યોગને, ઉદ્યોગ દ્વારા સ્વ-પ્રમાણિત સોગંદનામા દ્વારા કોમ્પ્લાયન્સ અંગેનો અહેવાલ રજુ કરવામા આવશે તો, વાર્ષિક રૂટીન ઈન્સ્પેક્શનમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ પ્રકારની મુક્તિ બોર્ડ દ્વારા ખાસ કિસ્સામાં જેવા કે, ઉદ્યોગ સામેની ફરિયાદ, કોર્ટ કેસની બાબત હોય તો અથવા તો બોર્ડને જરૂર જણાય તેવા અન્ય કિસ્સામાં લાગુ પડશે નહિ અને જે તે સમયે બોર્ડના સક્ષમ અધિકારી દ્વારા નિર્ણય લઈ ઈન્સ્પેક્શન કરી શકાશે.

**આ પરિપત્ર તા. ૩૦/૦૧/૨૦૧૬ના રોજ મળેલ બોર્ડની પરિપત્રિત બેઠક ક્રમાંક ૨૦૯મા મંજુરી આપવામાં આવેલ છે અને તે અનુસાર પરિપત્ર કરવામાં આવેલ છે.**

(હાર્દિક શાહ, IAS)
સભ્ય સચિવ

નં : ગુપ્રનિબોર્ડ/એડીએમ – ૧૦૦૬/ ૨૦૧૬ / 383558

4 FEB 2016

**નકલ રવાના :**

૧) અધ્યક્ષશ્રી / સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, ગાંધીનગર

૨) તમામ પ્રાદેશિક અધિકારીશ્રી......ને જાણ તથા ઉદ્યોગકારોને આ બાબતથી માહિતગાર કરવા આપના કાર્યવિસ્તારનાં ઉદ્યોગકારો અને ઔદ્યોગિક એસોસીએશનમાં બહોળી પ્રસિધ્ધિ થાય તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાની સુચનાસહ

૩) **તમામ** તકેદારી અધિકારીશ્રી વડોદરા, રાજકોટ, ગાંધીનગર, સુરત...ને જાણ અર્થે.

૪) યુનિટ હેડ કોમ્પ્યુટર શાખા ....... આ પરિપત્રને વેબ સાઈટ, XGN અને XPN ઉપર મુકવા જરૂરી કાર્યવાહી અર્થે.

૫) યુનિટ હેડ પી-૨ શાખા, પી-૩ શાખા, કાયદા શાખા, મહેકમ શાખા, વોટર સેસ શાખા, હેઝાર્ડસવેસ્ટ શાખા, મધ્યસ્થ પ્રયોગશાળા....જાણ અર્થે.

૬) પરિપત્ર ફાઈલ